શ્રી પરમાત્મને નમઃ

શ્રી સરભોણ મુકામે—

શ્રી સત્તાવીશ બારટ, મહુવા પરગણા, તથા સરભોણ પરગણાના જૈન વીશાપોરવાડ જ્ઞાતિના પંચોએ એકત્ર મળી જ્ઞાતિ બંધારણના કરેલા

ઠરાવો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પંચના હુકમથી

શા. કસ્તુરચંદ સામજી

સરભોણ તા. બારડોલી જીલ્લે (સુરત)

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—ગામ સરભોણ

વીર સંવત ૨૪૪૨ના ભાદરવા વદ ૩ ને રવેઉ

સુરત ખપાટીયા ચકલાપર આવેલા ખુ અ ના ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં વીઠુલદાસ કીકાભાઇએ છાપ્યું.

શુદ્ધિ પત્રક.

રીપોર્ટમા હસ્તદોસથી કેટલીક ભુલો તેમજ સરતચુકથી રહી ગએલી કેટલીક કલમો આ શુદ્ધી પત્રકમા લખવામા આવી છે જે ઉપર સર્વે ગ્નાતી બંધુઓનું લક્ષ ખેચવામા આવે છે.

અશુધ્ધ	પાનું	લીટી.	શુધ્ધ.
શરભોણુ.	૩	૩	સરભોણ તથા મહુવા.
વીચે.	૪	૮	નીચે
ઉપલી આટ	૬	૨૦	ઉપરીઆત.
૧૩મી કલમ હેઠળ વધારો	૬		૧૩મં સગપણ થયા પછી જે પગલા કરવા તેડે છે તે કન્યાના પગલા કરવા પરંતુ વરના પગલા કરવા નહીં અને કન્યાને પગલા કરવા તેડે તો કન્યાને રૂા ૧૧નું લુગડુ આપવુ એથી વધારે કીમતનું આપવું નહી આ કલમ કાગળપર રહી જવાથી ચોપડીમા ઉમેરવા માટેજ શુદ્ધી પત્રકમા લખી છે અને એ અસલ છે.
કડચેલી	૭	૭	કડચેલીઆ
બંધાવી આપવુ	૭	૨૩	વદાવી લાવવુ
જાએ	૮	૬	જાય તેમ કુવારા જમાઇને અને કુવારી વહુને પણ રોટલી બંધછે
રૂા ૧૦૧)	૮	૧૧	રૂા ૧૦૦૧)
વરને	૮	૧૨	વરણે
છે.	૮	૨૪	છે તથા નાળીએર પર લાવે ત્યારે પણ મુખડી શેર સવાપાચ આપે
ભાગ	૯	૨૧	ભાગ
કલમ ૨૬ની નીચે વધારો.	૯		૨૭ શામૈઆમા રૂા ૧ અને આનો એક તથા સોપારીનુ સાનુ એક નાખવુ વધતુ ઓછુ નાખવુ નહી ૨૮ કન્નાની સુવારી ના ૨૧ એકવીરા આપવી પરંતુ વહેચવી નહીં.
એટલે	૧૧	૨૦	એકલુ
કરમેલીને	૧૩	૧૮	કરચેલીએ
પક્ષે એ	૧૩	૨૦	પચોએ
અરસપરસ	૧૩	૨૪	અસનપરથી
આપની	૧૪	૮	આપણી

શ્રીપ.

વિનતી પત્ર.

!!! શ્રી સત્તાવીસ તથા પરગણાના પંચ મહાશયો !!!

સવિનય નિવેદન કરવાનું કે આપ આપના ઠરાવેલા ન્યાય સ્થળે (સરભોણ મુકામે) પધારીને જેમ લાંબા સમયના ન્યાતના પડેલા વાંધાઓ પતાવ્યા છે, તેમ કેટલાક આપણા જેવી અસાધારણ ન્યાતીને સુધારા ઉપર લાવવાનાં સભ્ય રિવાજો બાંધ્યા છે અને કેટલાક શુભ પ્રસંગે થતા કઢંગા રીતિ રીવાજો બંધ કર્યા છે. જેને માટે આપ સર્વે સંઘે એકમતે વિચાર કરી આવાગમન કર્યું તેને માટે હમો આપના ઘણાજ આભારી છીએ, અને આશા રાખીએ છીએ કે એવીજ રીતે આપ ખંતીલા બની ન્યાતીના સુધારા માટે પધારી વાર્ષીક મીટીંગો મેળવી હમોને આભારી કરશો એજ વિનતિ ! ! !

લી૦ સેવક,

શ્રી સરભોણ જૈન મંડળ

તરફથી

શા૦ હીરાચંદ નેમચંદ

અને

શા૦ કસ્તુરચંદ શામજીના

જયજીનેંદ્ર

શ્રી

સુણો જૈન બંધુઓ તમો,
એકઠા થયા છો આ શમે,
તકરાર ભાગી ન્યાતની
સુધારા કર્યા બહુ તમે.
તે આનંદના ઉભરાઓ,
ન્યાતીમાં પશરી જશે;
વંશ વધી ન્યાતની,
ઉન્તીઓ તેથી થશે.
ધન ધન શરભોણ ગામને,
જે જ્ઞાતીને ભેગા કર્યા,
ઘણાં વર્શનો હીસાબ કરી,
સુખે ગામથી પરવર્યા.
તે દીવસ ભાદ્ર માસનો,
વદ ત્રીજ ને રવીવાર છે,
સંવત ૧૯૭૧ના સાલને શાબાશ છે.
મહા વીરના ભકતો તમે,
આ સ્તુતી સ્વીકારશો,
આનંદમા રહેજો શદા,
ને શંપ વીષેશ વધારશો
જૈન સરભોણ મંડલી,
જે ઓચરે છે આ સમે,
કોન્સફરન્સ ભરજો બીજી,
સુધારા કરવા તમે.

(દુ. ગો) સરભોણકર.

સાલ ૧૯૭૧ના ભાદરવા વદ ૯ ને વાર શની તા. ૨ માહે ઓક્ટોબર સને ૧૯૧૫.

શ્રી સત્તાવીસ બારોટના પંચ સમસ્ત તથા. શ્રી શરભોણ પરગણાના પંચ શમસ્ત આજ રોજે શરભોણ મુકામે શરવે પંચો ભેગા થઇ આ ઠરાવો બાંધવામાં આવ્યા છે તે સર્વ પચોની ખુશીથી અમલમાં લીધા તેની વીગત નીચે પ્રમાણે.

શ્રી પચો ભેગા થવા વાશેનો ઠરાવ.

(૧) શતાવીએ માશ ૧૭મા ટાંણું કરવાનો ઠરાવ આગળ કરેલો, તે નહીં કરે તો રૂ. ૨૫ પચીસ લેવાના કરેલા, ને તે પચોએ લેવા નહી, કરી આ કલમ રદ કરી છે.

(૨) શ્રી શતાવી બરોટના ત્થા શ્રી શરભોણ પરગણા પંચો શ્રી પંચોના કામ બાબત જયાં જે મુકામે ભેગા થાએ, અગર પંચોને બોલાવવાની જરૂર પડે અગર તે પૈકી કોઇ પણ એક માણુસને એકઠા કરવાની જરૂર પડે તો પંચોને એકઠા થવાનો કાગળ લખવો તો તે કાગળ પોંચ્યા બદલની દરેક ગામના પંચે શાહી કરી આપવી તે એવી રીતે કે, દરેક ગામના કાગળના મથાળે જેનું નામ લખવામાં આવ્યું હોય તે માણુસે શાહી કરી આપવી અગર તો શાહી કરાવી આપવી. કાગળ પોંચાડનાર માણુસને ખોટી કરવો નહી. પંચો એકઠા થવાની જે મીતી ઠેરવી હોય તે મીતીએ દરેક ગામના પંચે આવવુ, કે પંચોના કામને નકામો ટાઇમ ગુમાવવો પડે નહીં છતાં કોઇ પણ ગામના પંચોથી કાંઇક કારણુસર નહી આવી શકાય તો આવેલા પંચ જે કામ કરે તે નહી આવેલા ગામના પચોને કબુલ છે ફરી રહેલા પંચોને તેડવા માણુસ મોકલવું નહી.

(૩) ટાંણું વીગેરે તમામ કાગળો ઝીલવાં તકરાર હોય તો જઇને દરશાવવી અને કાગળ કોઈ ગામ વાળો નહિ લીએ તો તેને નોતરાંનો કાગળ પાછો મોકલવો નહીં તથા ગામમાંથી પણ કોઈ માણસને નોતરાં ઝીલાવવા પાછો મોકલવો નહી.

(૪) શ્રીમાલી બ્રાહ્મણ આવે તો લગનને દીવસે એકથી દશ સુધી બ્રાહ્મણ આવે તો લગનને દીવશે કન્યાવાળો, અને લગનને બીજે દીવસે વરવાળો બ્રાહ્મણોને શીધા આપે. શીધાં આપવાની વીગત વીચે મુજબ.—

ઘહુનો લોટ શેર ૧।, ઘીઈ શેર ૦। સવા પાશેર ચોખા શેર ૦॥, ખાંડ શેર ૦॥, દાળ શેર ૦।, એ પ્રમાણે લગન પ્રશ ગમા આપવા અથવા દીવશમા કે ટાણામા બ્રાહ્મણો જેટલા આવ્યા હોય તેટલાને એક દીવશ ઉપર બતાવેલા ઠરાવ મુજબ આપવાં પછી બીજે દીવશે આપવા નહી.

(૫) નાત વેળાએ, પંગતે જમવા બેશતી વેળાએ કપડાં ઉતારી લાઈનસર જમવા બેસવુ અને જેને જેને બીજા પ્રગણાઓ સાથે સંબધ લાગેલો હોય તેને છુટ છે બનતા સુધી ઘરધણીએ બંદોબસ્ત રાખવો

(૬) સરવે રસોઈ પીરસાઈ રહ્યા પછી જમવાની રજા મલેથી જમવું તેમજ જમી રહ્યા પછી સરવે જણાએ સાથે ઉઠવું, વચગાળે ઉઠવુ નહીં. આ કાયદો ભંગ કરનારને આના ચારનો દંડ છે. અને તે દંડ લેવા વીગેરેની વ્યવસ્થા પોતાના ગામ વાળાએ રાખવી તેમજ ઘરધણીના તેડયા વીના જમવા જવું નહીં તેમજ એક થારીમાં બે માણુસે જમવા બેસવું નહીં. તેમજ થારી વાટકા ઓછાં હોય તો બીજી પંગતે જમવું પરંતુ બાજ ઠડીઆ લઇને જમવા બેસવું 'નહીં. તેમ રસોઈના કંપાઉંડમાં કોઇ પણ માણુસે જમવા બેસવું નહીં તેમજ પહેરેલાં કપડાં સાથે રસોડામા તથા પંગતમાં ફરવું નહીં.

શગપણુ વીશેના ઠરાવો.

૧. શગપણુ કરતી વખતે કુલીએ રૂા. ૨) બે લેવા. એથી ઉપર લેવાય નહીં તેમજ બીજી રીતભાત જે હોય તે કરવી.

૨ શગાઈનો જે લાગ હોય તે સૌસાના ગામની રીત પ્રમાણે કરવો.

૩. શગપણુ કરતી વખતે પરોણા તેડે તે વખતે વેવાઈને રૂા. ૧ એક આપવો અને સાથે આવેલાને શ્રીફળ નં. ૧ એક આપે, દરેકને આપવું, એ કરતા વધુ ઓછું આપવું નહીં.

૪. જાન આવે ત્યારે વરઘોડ લઈ જાએ અગર નહી લઈ જાએ તો પણુ વરઘોડનો રૂા. ૧ એક તથા શ્રીફળ એક આપવું.

૫ શગપણુની ગરોટી શેર પા સવાપાંચ શેરની લઇ જવી પણુ વીદાયગીરી આપવી નહી તેમજ ગરોટી સગાવહાલે પેણુ બીલકુલ મોકલવી નહિ અને આપવા જાએ અથવા આવે તો બે માણુસ જાએ વધુ જાએ નહી.

૬ શજવટનુ શગપણુ કરે તો બંને ઉવાર મળી રૂા૦ ૩૦૧) ત્રણુસોને એક લેવા ઘો લેવુ નહી એથી ઓછો ઉવાર લેએ તો ધણીની મરજીની વાત છે પણુ વધુ લેવાય નહીં.

૭. વરણુામાં રૂા. ૧૦૧) એકસો એક લેવા અને નહીં લેય તો ધણીની મરજી પણુ વધુ લેવાય નહીં.

૮. કર કરીઆવર તથા કુંવારા લાગાના રૂા. ૨૧) એક વીસ લેવા એથી વધુ લેવા નહીં પરંતુ નહીં લેય તો ધણીની મરજીની વાત છે.

છોકરીઓનું શગપણ કરવા બાબતના ઠરાવ

શરભોણ મુકામે સંવત ૧૯૬૭ ના માગશર વદ ૪ ને વાર ભોમે શ્રી સત્તાવીસ બારોટના તથા પ્રગણાના પંચ મહાજન સમસ્ત વીગેરેઓએ મળી ઠરાવ કર્યો તેની આ અશલ ઉપરની નકલ કરી. શા. ૧૯૭૧ના ભાદરવા વદ. ૯ તેની વીગત.–

૯. છોકરીઓનું સગપણ શજવટથી કરે તે રૂ ૩૦૧) અંકે ત્રણસોને એક બન્નેઊવાર મળીને લેવા અને એથી ઓછા લેય અથવા તદન નહીં લેય તો સારી વાત છે.

૧૦. છોકરીનું શગપણ વહેવાર મુકી ગજવટ કરે અને શજવટની રીતના રૂ ૩૦૧) અંકે ત્રણસોને એક ઉપરાંત લેવાની મરજી હોય તો ઉપરનો આકડો મળીને કુલ્લે રૂ ૨૧૦૧) અકે એકવીસસોએક છેવટના લેય અને તેનો અમલ સં. ૧૯૬૮ના ફાગણ સુદ ૨ થી લેવાયો છે. અને ઉપરનો આંકડો જે લેય તે સાટું તથા આંટો લેય નહીં.

૧૧. છોકરી રેવાઇ ભીઠરોડમાં આપવી નહી પરંતુ લાવવાને માટે છુટ છે અને બહાર પરાથી છોકરી લાવવાને માટે તે ધણી જેટલા પૈસા આપે તેની છુટ છે

૧૨. છોકરી અથવા છોકરાનું સગપણ સાટે કરે તેમાં નાનું મોટું છોકરૂં હોય અને તેમાં કોઈની સ્થીતી નબળી હોય તો તેને ઉપલી આંટ રૂપીઆ ઉવાર સાથે રૂપીઆ ૫૦૧) અંકે પાનસો એક લેવાની છુટ છે.

૧૩. છોકરીનું સગપણ સાટે કરે તેમાં એક સાટામાં બે સાટા લેવાય નહીં, અને તેમને અરસપરસ ઉવાર લેવાની મરજી હોય તો રૂ ૨૦૧) અંકે બંસો એક જેનો છોકરો પહેલો પરણે તે પહેલા આપે અને પાછળ પરણે તે વારે પાછા આપે.

૧૪ આપણી પટીમાં કોઇને સાટુ' કરવુ' હોય અને સામે સાટું કરવા વાળાનો જોગ નહી મળે તો રોવાઇ ભીઠરોડ વીગેરેમાં સાટુ કરવાની છુટ છે અને સાટુ કરતા ઉપરીઆંત લેવા ધારે તો ઉપરના ઠરાવ પ્રમાણે રૂા. ૫૦૧ અંકે પાચશોને એક ઉઆર સાથે લેય વધુ લેવાય નહી.

આ ઉપરની ચઉદ કલમનો ઠરાવ સરભોણ મુકામે થયેલો પણ પંચોની સહી રહેલી હતી તેથી કડચેલી મુકામે પંચ શા. ભુધર ભગાજીને ઘેર ભેગા થએલા તે વખતે જાજમ કરી વાંચી સંભળાવી કબુલ રાખી છે સંવત ૧૯૬૮ના મહા વદ ૧૪ વાર શની દા શા. ફકીરચંદ લાલચંદ ઉપરના ઠરાવથી કોઇ માણસ ઉલટું ચાલે તે પંચનો ગુન્હેગાર થશે દા. સદર આ ઠરાવ થયાનિ સહી પંચોની થએલી છે તે અશલ ઉપર છે. એ ચોપડી સરભોણ મુકામે પંચોની ચોપડીમાં ઠરાવ છે તે આ ચોપડીમાં આજની મીતીની મીટીંગના ઠરાવોમાં દાખલ કર્યું છે.

લગ્ન વીશેના કાયદા.

૧ જાન આવે ત્યારે ગામવાળાને સાથે લઈ જઈ જાન તેડી લાવવી.

૨ વેવાણને ગાડેથી ઉતારવા જાય ત્યારે શોપારી આપવી નહીં ફકત તેની વેવાણ જઇ ઉતારી લાવે અને વેવાણને રૂા. ૧) એક કન્યાવાળો આપે.

૩ વરઘોડો આવે ત્યારે માંગલ નાં. ૫ કરવા અને તે માડવા આગળ બારની બાજુએ કરવાં વચગાળે રસ્તામાં સામૈયુ' બધાવી આપવું' પણ ત્યાં માંગલ કરવાં નહીં.

૪ મંડપની અંદર જે શાકર વહેંચાય છે તે રીવાજ બધ કરવામાં આવ્યો છે.

૫ જુહાર દેવા જાય ત્યારે જમાઈને રૂા. ૧) એક કન્યાવાળો આપે. શાકર વેહેંચવી નહી તથા વરની મોજડી સંતાડવી નહીં.

૬ લગ્નમાં શોપારીનાં શાતા વેહેચાય છે તે બંધ કરવામાં આવ્યા છે.

૭. લગ્નમાં જે ફટાણું એટલે નાગા ગીત ગવાય છે તે ગાવાં નહીં પરંતુ રીતસર સારાં ગીત ગાવાં

૮. લગ્નમા વરકન્યાને રોટલી ખાવા તેડવાં નહીં પણ વર જમવાની વખતે જમવા જાએ

૯. મોશાળું કરે તેમાં જેને કન્યાદાન તથા પગેપરણું લાગતું હોય તેને જવું. ખાંડ રોટલી તથા મોશાળાની જીમ લેવી નહીં તેમજ હેતુશ્રીને તેડી જવાની છુટ છે તેમજ મોશાળાની કંકુપત્રીકા લખવી નહીં.

૧૦. લગ્નમાં વરણા વખતે જનશ વધુમાં વધુ રૂ. ૧૦૧)ની લેવી. એથી વધુ લેવાય નહીં. તથા વરને લુગડા રૂ. ૧૨૫ સવાશોના લેવા એથી વધુ લેવાય નહીં. ઓછામા ઓછાં લે તો બાધ નથી.

૧૧. લગ્નને દીવસે જે લાપશીની થાળ ભરવામા આવે છે તે બંધ કરવામાં આવી છે.

૧૨. દીવાળીનો દળ શેર ૧૧ા સવા અગીઆર તથા જાયાનો દળ શેર ૫ા સવા પાચ તથા ઉનાળાનો દળ શેર ૫ા સવા પાચ એ પ્રમાણે કરવો પરંતુ એ દળ કોઇ પણ ઠેકાણે વહેચાય નહીં

૧૩ જમાઈ માંડવો છોડવા જાય તેની સાથે એક માણસે જવુ. ચવરી ચાપવા જવાનો રીવાજ બંધ કરવામાં આવ્યો છે.

૧૪ ગોરવની થાળીમા શેર ૫ા સવાપાચશેર સુખડીમા બદામ, કોપરાં વીગેરે તોલી આપવાં પરતું શાતા વહેચવા બંધ કર્યા છે.

૧૫ ગોરવ વરેઠીની રસોઇની જે થારી ભરાય છે તે બંધ કરવામાં આવી છે.

૧૬ જાનના ઉતારાની થારી ભરાય છે તે થારી ભરવી નહીં પરંતુ તેના બદલામાં રૂા ૨, થાળીના તથા ઉતારાનો રૂા. ૧ા સવામળી રૂા. ૩ા સવાત્રણ આપવા.

૧૭ લગ્નમાં વાડી લુંટાવવી નહીં તેમજ દારૂખાનું પણ ફોડવું નહીં.

૧૮ લગ્નમાં અથવા ટાણામાં અગર વીગેરે અવશરમાં ચાકરોને આપણી ન્યાત જમી રહયા પછી ઘરધણીએ એકી વખતે જમાડવા. છુટક છુટક જમાડવા નહીં.

૧૯ છોકરી પરણે તે વખતે કન્યાવાળો રૂા; ૨ બે વર-વારા પાસેથી લઈ તેના ગામમાં પરગણાના જમા રાખવા. (આ ઠરાવ પ્રગણના અંગનો છે.)

લગન વિશેના ઠરાવો.

૨૦ ન્યાતીની અંદર કોઇ પણ માણશે પંગતમાં જમવા બેસતી વખતે પાપડ, પુરી કે રોટલી ન્યાતીમાં એકલા ખાવી નહી.

૨૧ લગન વખતે માએરામાં વરના ખોળામાં બેશીને શાકરની થારી ભરાય છે તે શાકરની થારી ભરવી બંધ કરવામાં આવી છે તેના બદલમા રૂ. ૧) એક તથા શ્રીફળ નં. ૧ આપવું.

૨૨ જમાઇના ગીત કોઈ પણ વખતે ગાવા નહી.

૨૩ વરને કલવો જમાડવા જવાનો રીવાજ છે તે કલવો જમાડવો બંધ કરવામાં આવ્યો છે પરંતુ દીવશ છતાં જમવાનું ભાણું ગમે તે માણશે આપી આંવવું.

૨૪ જમાઈને દુધ પાવાનો રીવાજ તદન બંધ કરવામાં આવ્યો છે.

૨૫ લગન યા ટાંણામાં જે ભાગ કાઢવામાં આવે છે તે તદન બંધ કરવામાં આવ્યો છે.

૨૬ પારણોતરના આણે તથા દીવાળીના આણે તથા ઉનાળાને આણે વહુએ શશરા, જેઠ વીગેરેના પગ ધોવાનો રીવાજ હતો તે બંધ કરવામાં આવ્યો છે.

મૃત્યુ સંબંધીના ઠરાવો.

૧ મારવાડમાં ગુજરી ગયલાની કાણુ આ દેશમાં માંડવી નહીં.

૨ સાસરા પીએરની કાણુમાં પીઅરમાં સાસરાવાળા તથા સગાંવહાલાં જાએ. સાસરે કાંણુ હોય તો ગામમાં કહેવડાવવું અને જવું પરંતુ બહાર હાથ વળવો નહીં પીએરમાં બીલકુલ કાંણુ માડવી નહી. પીઅર સાસરાવાળા ઘરમાં હાથ વાળે. તેમજ બીજાં ગામવાળાએ પણ બહાર હાથ વાળવો નહી.

૩ ત્રણ ગાઉ સુધીંના માણસે કાંણુમાં જમવું નહી તેમજ ત્રણુ ગાઉ ઉપરના માણુસે આગળના રીવાજ મુજબ ચાલવું.

૪ જેના ઘરમાં આગલું વધામણુ ભાખેલું હોય તો તે માસ ૧૨ બાર માસની અંદર વહેંચી દેવું. જેવી રીતે ભાખેલું હોય તેવી રીતે વહેચી દેવુ. અત્યાર પછી જેને વધામણું વહેંચી દેવું હોય તે તેની હયાતીની અંદર પોતાના ગામે શેર ૧। સવા શેર વેંહચે પરંતુ મુવા પછીથી વહેચાય નહી

મૃત્યુ સંબંધમાંનો ઠરાવ.

શા. ૧૯૬૮ના મહા વદ ૧૩ની મીતીએ ગામ કરચેલીઆ મુકામે સર્વ શતાવીશ બારટ તથા શ્રી પ્રગણાના પંચ મહાજન સમસ્તે મળી કરેલા ઠરાવ નીચે મુજબ એ શરભોણ ગામના શ્રી પંચમહાજનની ચોપડીમા લખેલા ઠરાવ છે તેની ઉપરથી આ નકલ કરી છે તે અશલ મુજબ. આ નકલની વીગત.

(૫) મરણુ થાય તેવારે બહાર કુટવાનો બૈરાંઓનો રીવાજ છે તે મરણુ થાય તે દીવશે ચાલુ રીવાજ પ્રમાણે વરતે. અને તે દીવશ પછીથી બાહારથી કુટતા કુટતા આવવુ નહી. ઘરની અંદર આવ્યા પછી રીવાજ પ્રમાણે વરતે.

(૬) એક માસમાં કાણે આવી જવુ. અને એક માશ

થયા પછી લોવરી નહી નાંખતાં બોલાવી લેવા અને બૈરાંઓ એક માશ પછી આવે તો તેની છુટ છે.

(૭) બૈરાંઓ કાંણે આવે તે જમતી વખને રોટલી ખવડાવવાનો રીવાજ છે તે રીવાજ કાઢી નાંખ્યો છે

(૮) કાંણે બેસવા આવે તે વારે પાપડ મુકવા નહીં.

આ ચાર કલમ લખી છે તેનાપર ૫ ચોની શહીઓ છે આ અસલ પરથી નકલ કરી છે અશલ સરભોણુના ૫ ચની ચોપડીમાં છે.

તપ સંબંધીનો ઠરાવ.

૧ ઉપવાસ પાંચ થાય છે. તે શાસરામા કરવા અને તેની લાણી સૌ સૌના ગામે વેહેચવી ઉપવાસ કરે તેજ ગામે ઉપવાસ સાસરામાં કરે પીએરમાં થાએ નહીં

૨ આજ પહેલાના જે પાંચ ઉપવાસ થયા હોય તેના લાડવા માશ ૧૨ની અંદર શાસરાવાળાએ પરગણામાં વહેંચી દેવા એ મુદત વીત્યા બાદ લેવા નહીં

૨ આગલી અઠાઈના પારણા જેના રહેલા હોય તેણે વરસ ૨ બેની અંદર આગલા રીવાજ મુજબ કરી ઉતારે બે વરસની ઉપરાંત થાય તો તેની પાસે લેવા નહીં

૩ અત્યાર પછી જે કોઇ અઠાઈનું તપ કરે તેનું પારણું સૌ સૌના ગામે કરી મુકત થાય.

૪ પરગણે તથા સતાવીશે ઉજમણુ કરે એટલે તેની ટંક નં. ૩ ત્રણ તથા કોઇ બાબ સાથે લખે તેની ટંક નં. ૨ તથા ઉજમણું કરે તેની ટંક નં ૨ તથા ઉંજાણી તથા સામી વસ્તલની પણ ટંક ના. ૨ કરે પરગણે કરે તેની.

ભાગીઆ ભાગ જુદા પડવા વિશેનો ઠરાવ.

(૧) સં. ૧૯૨૫ના શાલ પછીના પ્રગણામાં જે નવી દુકાનો થઇ હોય અને આજ પછી થાએ તે તમાંમ નવી દુકાનો

પાસેથી દર દુકાન દીઠ રૂ. પા સવા પાંચ સહુ સહુના ગામના થાળાના પંચે લેવા, અને તે રૂપીઆ થાળાના પંચને નહી આપે તો થાળાના પંચે પરગણાના પચને જાહેર કરવું.

(૨) આજ પહેલાની પરગણાના પંચની લગન પ્રસંગની લાગત જે લેવાની હતી તે આજે પચે મુકત કરી છે પણ ફકત રૂ. ૨) બે કન્યાવાળાએ ગામના પચને આપવા, તે રૂપીઆ બે ગામના પચે પ્રગણાના જમા કરવા એ ઠરાવ આજ પછી ચાલુ કરવો.

દા. શા. માણેકચંદ રખાજી.

આ કરાર સત્તાવીશ બારટ તથા પરગણાની ચોપડીમાંથી ઉતારી લીધો છે તે કાયમ છે આ અશલ ચોપડી મુળચદ દોલાજીને ત્યા છે.

—(૦)—

શ્રી ૧L

શંવત ૧૯૭૧ના ભાદરવા વદ ૮ દીને શ્રી સતાવીશ બારોટના પચ શરભોણ મુકામે ભેગા થયા તેમનો ઠરાવ નીચે મુજબ.

૧ શ. ૧૯૩૧ની શાલમાં દર ટાણા દીઠ રૂા.૭, શાત પચે લેવા ઠરાવેલા તે બાબતનો આજ રોજ દરીઆફ કરી તે ઠરાવ રદ કર્યો છે અને તે વીશે આજ રોજ નવો ઠરાવ કર્યો છે માટે તે મીતી પછી જે કાંઈ ટાંણું થએલાછે તેમ આજ પછી જે કાંઇટાંણું થાએ તે દર ટાંણુ રૂા. ૨) લેવા ઠરાવ્યા છે તે સૌ સૌના ગામે રાખવા. શદરહુ રૂપીઆ ટાણે દીઠ બે લખ્યા છે તે ટાંણાના કાગલ લખતી વખતે તે ગામના પંચે ઊઘરાવી લઇ ઠરાવેલા આગેવાનનેત્યા દાખલા સહીત જમે કરાવવા અને ગામના પંચ તથા આગેવાનને નહી આપે તો તે ગામનાં આગેવાન સત્તાવીશના પંચને જાહેર કરે જ્યાં શતવીશ ભેગી થઈ હોય ત્યાં જાહેર કરે અને સત્તાવીસના પંચ અપાવે. ગામ દીઠ આગેવાનોનાં નામ નીચે

મુજબ છે. આજ સુધીના ટાંણાના રૂ. ૨) બબે લેવા ઠરાવ્યા છે તે બીન વ્યાજે શવંત ૧૯૭૨ના કારતક સુદ ૨ સુધીમાં ઉઘરાવી લેવા અને કારતક સુદ ૨થી ઉઘરાવી એ રૂા.નું વ્યાજ આના ચાર લેખે અને ફેરવણી માશ ૨ બારની ઠરાવી છે. ગામના આગેવાનનાં નામ નીચે મુજબ.

૧	ગામ મહુવાના શા. ખીમા હરનાથજી	મહુવા
૨	શા. માના કાંનજી	શરભોણ
૩	શા. ભુધરા ભગાજી	કરચેલીઆ
૪	શા. ભીખા મેઘાજી	અ ભેટી શરભોણ
૫	શા. ઉકા અણદાજી	એના. શરભોણ
૬	શા. લાલચંદ હીરાજી	અમલશાડ
૭	શા. ગુલાબ વદાજી	ઈચ્છાપોર
૮	શા. ભીખા લાધાજી	આમધરા
૯	શા. ગોવંદ ગજાજી	કોલવા ઇચ્છાપોર મોકલે
૧૦	શા. રૂપા અણુદાજી	તવડી શરભોણ મોકલે
૧૧	શા. ડાયા રણછોડ	ફડવેલ આમધરે મોકલે
૧૨	શા શમના ઉમાજી	વાજણા તે આમધરે મોકલે
૧૩	શા. ઉમાજી વજાજી	ડુંગરી કરમેલીને મોકલે
૧૪	શા. કેશુર હલાજી	ગણુદેવી અમલશાડ મોકલે

ઉપર લખેલો ઠરાવ શર્વે પક્ષોએ મલી કરવામાં આવ્યો છે તેથી અમલમાં લેવામાં આવ્યો છે અને જે ગામે એક બે ઘર હોય તે પણ પોતાના ગામના થાળાવાળા ટાંણાના કાગળો લખે. આ ઠરાવની ચોપડી ઉપર પણ પંચોની સહી છે. આ ઠરાવ અરસ પરસ ઉતાર્યો છે આ ઠરાવ સત્તાવીશ બારટની ચોપડીએ છે.

શ્રી સત્તાવીશ બારટ તથા પરગણાના જે ઠરાવો થયા છે તે પૈકીના ગામો વાળાને બીજા પ્રગણ વાળાઓ સાથે સંબંધ છે તેઓને આ ઠરાવનો તે પ્રગણાના સંબધ સાથે બંધન કરતા નથી. સતાવીશ પ્રગણાના શબધને માટે ઠરાવો તમામ કબુલ

છે શ્રી શતાવીશ બારટના તથા પરગણામાં અરજીઓ તથા કાગળો અગર કોઇ પણ જાતના લેખ લખનારના નામ સિવાયના લેખો લેવામાં આવશે નહી માટે નામ સાથે અરજીઓ તથા લેખો આપવા. વગર નામના લેખો ગમે તેવા કસમ ભરેલા હોય તો પણ તે લેખો જેના તેના ઉપર આવે તે માણસે તે લેખો ફાડી નાંખવા, અમલમાં લેવા નહી. નનામા કાગળ તથા અરજી ફાડનારને કસમ લાગે નહી પરંતુ તેવી અરજીઓ લેખો લખનારને કસમ છે. વળી આપની ન્યાતમા કોઇપણ માણસ ન્યાતની સભ્યતાના રસ્તા છોડી એટલે નીતારીતી છોડી ચાલે તે ગુન્હાની સાબીતી ગામના પંચોએ કરી તેને માટે યોગ્ય બંદોબસ્ત યા નીકાલ ગામનાં પંચો કરે ગામના પંચોથી નહી થઇ શકે તો ગામના પંચ પરગણાના પંચને યા પરગણાના પંચ સત્તાવીશના પંચને સોપે. ઉપર લખેલા સર્વે કરારો સર્વે પંચોને કબુલ છે એજ દા. શા. કસુરચંદ શામજીના જૈયજીનેંદ્ર અવધારશોજી આ મેં શ્રી પંચોના કહેવાથી લખ્યું છે તેમજ સર્વ પંચો રજુ સમસ્ત દા. શદર પંચોની સહી નીચે મુજબ.

શ્રી

૧ ગામ મહુવાના પંચસમસ્ત શા૦ મુળચંદ દોળાજી ગામના પંચના કહેવાથી દા. પોતે.

૨ ગામ કરચેલીઆના શ્રી પંચસમસ્ત શહી દા. શા૦ પના વાલાજી ગામના પંચના કહેવાથી.

૩ ગામ શરભોણના શ્રી પંચસમસ્ત શહી દા. શા. મેઘા મોતીજી ગામના પંચના કહેવાથો.

૪ ગામ અભેટીના શ્રી પંચસમસ્ત શહી દા. શા. નાનચંદ શદાજી ગામના પંચના કહેવાથી

૫ ગામ ગુણશવેલના શ્રી. પંચસમસ્ત શહી દા. શા. દુલભ દેવાજી ભીખા વનાની પરવાનગીથી.

૬ ગામ વડોલીના શ્રી પંચશમસ્ત શહી દા. શા. ખુશાલ દલાજી ગામના પંચના કહેવાથી.
૭ ગામ એનાના શ્રી પંચશમસ્તશહી. દા. શા. ઉમાજી પનાજી ગામના પચના કહેવાથી.
૮ ગામ ઇચ્છાપોરના શ્રી પંચશસ્ત શહી. દા. શા૰ રામાજી ગુલાબચદ ગામના પચના કહેવાથી.
૯ ગામ અમલશાડના શ્રી પચશમસ્ત શહી દા. શા૦ ફકીરચંદ લાલચંદના છે
૧૦ ગામ આમધરાના શ્રી પંચશમસ્ત શહી. દા. શા૦ કલાણ દુલભજી ગામના પચોના કહેવાથી.
૧૧ ગામ વાંજણાના શ્રી પંચશમસ્ત શહી દા શા૦ શમના ઉમાજીના છે.
૧૨ ગામ કોલવાના શ્રી પંચશમસ્ત શહી દા. શા૦ ગુલાબચંદ ભાણાજી ગામ ઇચ્છાપોરવાળાનાછે તમારા કહેવાથી કરી આપીછે

કન્યાવિક્રય.

यः कन्या धन लोभेन विक्रीणाति पिताधर्म,
स महापाप भाक्भूत्वा नरकेयात संशयम.

જાગી જુઓ જૈન બધુઓ, કન્યા રત્ન વેચાય,
માનવ દેહ ધરી કદી, પશુ તુલ્ય ગણાય.
શ્રાવક નામ ધરી કરી .કરે કન્યાનો ઘાત,
નિર્દય બાપ જાણો ખરે નથી પુછતી ન્યાત.
જિન દર્શન કરવા મથે પુજન કરવા ધાય,
કરતાં તીલક કપાળમાં કેમ શરમ ન થાય.
સામાયિક પાળે પ્રેમથી પ્રતિક્રમણમાં પ્રેમ,
કન્યા રીબાવી મારવા નથી આવતી રેમ.
વ્યાખ્યાન શ્રવણ કરે સદ્ધા ભક્તીભાવ ધરાય,

બાળા ચઢાવે સુળીએ જૈન નામ લજાય.
ગાય બચાવે પ્રેમથી દયા ધરમી મનાય,
નીજ કન્યાને મારવા ચિત્ર ઘાટ ઘડાય.
"કન્યાવિક્રય" કરનાર તો નર્કની ગોદે જાય,
સહાય કરે જે માનવી તે પણ સાથે સધાય
શ્રીમંત ગર્વ સુણો સહુ કરે બાળા બહુ શોક,
દયા કરો અબળાપરે આયુ વિતાવો શુ ફોક.
ઉપદેશક લેખક સહુ કરો પુન્યનું કામ,
અબળા રક્ષક જો થશો લેશો શીવ પદ ધામ.
લીલોતરી બાધા કરો લોક રંજન કાજ,
કીડી બચાવો દંભથી નથી અબળાને સાજ.
સત્ય દયાળુ જો હશો કરશો પચ્ચખાણ,
કન્યાવિક્રય કરવો નહી ભલે જાયરે પ્રાણ.

(કર્ત્તા—જૈન કોન્ફરન્સ)

માટે હે મહાવીર ભક્તો!! "अहिंसा परमो धर्म" ના માનવાવાળા જૈન બંધુઓ!! રંક માણસની સવિનય વિનંતી સ્વીકારી અધોગતીને પહોચાડનાર જ્ઞાતીનું સત્યાનાસ વાળનાર, લજ્જા સ્પદ કન્યાવક્રયના દુષ્ટ રીવાજને તથા બીજા એવા અનેક દુષ્ટ રીવાજને બંધ કરી સારા રીવાજ કાઢો એવી હમારી નમ્ર વીનતી છે.

શ્રી સરભોણ જૈન મંડળ તરફથી

શા. કસ્તુરચંદ સામજી (સરભોણ.)